
# સમયનો પોકાર

# જ્ઞાનયજ્ઞ




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

## સમયનો પોકાર - જ્ઞાનયજ્ઞ

દેવીઓ અને ભાઈઓ,

મનુષ્યની મૂળ શકિત વિચારણા છે. એના આધારે જ પોતાની આટલી પ્રગતિ કરી શકવી એના માટે શક્ય બની છે. વિચારોની ઉત્કૃષ્ટતા જ એને ઊંચે લઈ જાય છે અને નિકૃષ્ટતા નીચે પાડે છે. બધી સમસ્યાઓ વિચારોની વિકૃતિથી ઉત્પન્ન થાય છે અને એમનું સમાધાન દ્રષ્ટિકોણ બદલવાથી જ થાય છે. આપણે જે કંઈ સારાં-ખરાબ કામ થતાં જોઇએ છીએ, એમને વિચારપધ્ધતિથી પ્રતિક્રિયા માત્ર કહી શકાય. આપણે દરરોજ જોઇએ છીએ કે એક પ્રકારનો વિચાર એકને દેવતા બનાવી દે છે અને બીજા પ્રકારનો વિચાર બીજાને દાનવની પંકિતમાં લાવીને ઊભો કરી દે છે. ખરેખર, જે જેવું વિચારે છે તે એવો જ બની જાય છે. વિચારવાની દિશામાં જ ક્રિયા બને છે અને એનું જ પરિણામ પરિસ્થિતિઓના રૂપમાં સામે આવે છે.

પરિસ્થિતિઓનો પોતાનો કોઈ સ્વતંત્ર આધાર નથી. એ આપણા કાર્યનું પરિણામ માત્ર છે. આ જ રીતે કાર્ય પણ પોતાની રીતે નથી થતું. વિચારોની પ્રેરણા જ આપણી કાર્યપદ્ધતિ માટે પૂરી રીતે જવાબદાર હોય છે. આ તથ્યને પૂરેપૂરું સમજી લેવાથી આજની સમસ્યાઓનું કારણ અને નિવારણ સારી રીતે થઈ શકે છે. એ દુઃખની વાત છે કે અત્યાર સુધી આ પ્રકારનું ચિંતન નહીંવત્ થયું છે. જે થયું છે એને મહત્વ આપવામાં ન આવ્યું. આપણા મૂર્ધન્ય લોકો એટલું જ વિચારે છે કે શાસનતંત્રના માધ્યમથી સુવિધાના સાધનો વધારી લેવાથી મનુષ્ય સુખી થશે અને પોતાની સમસ્યાને હલ કરી લેશે, પરંતુ જોઇએ છીએ કે એ માન્યતાઓ ખોટી સિદ્ધ થઈ રહી છે. શાસનતંત્રને સુધારવા માટે જેટલો પ્રયત્ન કરીએ છીએ એટલી જ એમાં વિકૃતિઓ રહી છે.

અર્થતંત્રે નિસ્સંદેહ ઘણા પ્રકારની સંવિધાઓ ઉત્પન્ન કરી છે, પરંતુ પરિણામ ઊલટું જ આવી રહ્યું છે. વધેલા ધનનો દુરુપયોગ વધી રહ્યો છે અને એનાથી અપરાધો, રોગો તથા દ્વેષ ભરેલી ઘટનાઓ તીવ્ર થતી જાય છે.

વિલાસિતાની વધી ગયેલી આકાંક્ષાઓની સામે આજીવિકા નિરંતર ઓછી પડતી રહે છે અને વ્યકિત પોતાની જાતને અધિક દરિદ્ર તથા વધારે અભાવગ્રસ્ત અનુભવી રહ્યો છે. વિજ્ઞાન, શિક્ષણ, ચિકિત્સા, શિલ્પ, કલા, પરિવહન, વાહન વહેવાર, ઉદ્યોગ, મનોરંજન, અસ્ત્રશસ્ત્ર બધાં જ સાધનો વધી રહ્યાં છે, પરંતુ એના ફળસ્વરૂપે વ્યકિતની શારીરિક તથા માનસિક સ્વસ્થતામાં સહેજ પણ સુધારો થયો નથી, ઊલટી વિકૃતિ જ વધી છે. આ રીતે કાનૂનના ઢાંચા વધારવા, સુરક્ષાની વ્યવસ્થા કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. એ પણ સમાજની સદ્ભાવના, સંગઠન, સુવ્યવસ્થા, સમર્થતા તથા પ્રગતિમાં સહાયક નથી થઈ રહ્યા. બહારથી લાબું પહોળું કલેવર ઊભું થયેલું દેખાય છે, પરંતુ અંદરથી પોલંપોલ જ નજરે ચડે છે. કહેવાતી પ્રગતિમાં મૂળ બિલકુલ કમજોર છે, થોડાક ધક્કાથી પણ ઉખડી શકે છે.

સ્થાયી પ્રગતિ અને સુદૃઢ સમર્થતા માટે ચરિત્રબળ હોવું જોઇએ અને એ ઉત્કૃષ્ટ વિચારણાની ભૂમિ પર જ ઊગી શકે છે. આવું કાર્ય ન થવા માટે આપણું નેતૃત્વ અને ચિંતન સમાન રૂપથી દોષિત છે. બન્ને જણાએ તથ્યની ઉપેક્ષા કરી અને આવા જ લોભામણા ક્રિયાકલાપ તથા ઢાંચા ઉભા કરવાની પ્રવંચના કરી છે. દોડાદોડી બહુ કરી, રેતીમાંથી તેલ કાઢવાની જેમ કશું હાથમાં ન આવ્યું. તથ્યોનો તકાજો હતો કે માનવ સમાજની સામે ઉપસ્થિત સર્વતોમુખી, સર્વભક્ષી સંકટોને જોવા અને સમજવામાં આવે અને વિનાશની દિશામાં ઝડપથી જઈ રહેલાં કદમોને રોકવા માટે કોઈ નકર પગલાં ભરવામાં આવે.

સમયના પોકાર અને યુગની આવશ્યકતાને પૂરી કરવા માટે યુગ નિર્માણ યોજના એની અનોખી રીતિનીતિ તથા કાર્યપદ્ધતિને લઈને સામે આવી છે અને પ્રસન્નતાની વાત છે કે એમનું દરેક ક્ષેત્રમાં સ્વાગત થયું છે. આ યોજનાના જ્ઞાનયજ્ઞ અભિયાને એક ચમત્કાર રજૂ કર્યો છે. વ્યકિત અને સમાજની સમસ્યાનું મૂળ કારણ સમજાવવાની દિશામાં જે પ્રયત્નો કરવામાં આવ્યા છે એમને આરંભમાં ઉપહાસાસ્પદ માનવામાં આવ્યા, પરંતુ જ્યારે આજે ઊંડાણથી વિચાર કરવામાં આવ્યો છે અને તથ્યોને સારી રીતે સમજાવવામાં આવ્યાં તો વાસ્તવિકતા સમજાય ગઈ છે.

વિલાસિતાની વધી ગયેલી આકાંક્ષાઓની સામે આજીવિકા નિરંતર ઓછી પડતી રહે છે અને વ્યકિત પોતાની જાતને અધિક દરિદ્ર તથા વધારે અભાવગ્રસ્ત અનુભવી રહ્યો છે. વિજ્ઞાન, શિક્ષણ, ચિકિત્સા, શિલ્પ, કલા, પરિવહન, વાહન વહેવાર, ઉદ્યોગ, મનોરંજન, અસ્ત્રશસ્ત્ર બધાં જ સાધનો વધી રહ્યાં છે, પરંતુ એના ફળસ્વરૂપે વ્યકિતની શારીરિક તથા માનસિક સ્વસ્થતામાં સહેજ પણ સુધારો થયો નથી, ઊલટી વિકૃતિ જ વધી છે. આ રીતે કાનૂનના ઢાંચા વધારવા, સુરક્ષાની વ્યવસ્થા કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. એ પણ સમાજની સદ્ભાવના, સંગઠન, સુવ્યવસ્થા, સમર્થતા તથા પ્રગતિમાં સહાયક નથી થઈ રહ્યા. બહારથી લાબું પહોળું કલેવર ઊભું થયેલું દેખાય છે, પરંતુ અંદરથી પોલંપોલ જ નજરે ચડે છે. કહેવાતી પ્રગતિમાં મૂળ બિલકુલ કમજોર છે, થોડાક ધક્કાથી પણ ઉખડી શકે છે.

સ્થાયી પ્રગતિ અને સુદૃઢ સમર્થતા માટે ચરિત્રબળ હોવું જોઇએ અને એ ઉત્કૃષ્ટ વિચારણાની ભૂમિ પર જ ઊગી શકે છે. આવું કાર્ય ન થવા માટે આપણું નેતૃત્વ અને ચિંતન સમાન રૂપથી દોષિત છે. બન્ને જણાએ તથ્યની ઉપેક્ષા કરી અને આવા જ લોભામણા ક્રિયાકલાપ તથા ઢાંચા ઉભા કરવાની પ્રવંચના કરી છે. દોડાદોડી બહુ કરી, રેતીમાંથી તેલ કાઢવાની જેમ કશું હાથમાં ન આવ્યું. તથ્યોનો તકાજો હતો કે માનવ સમાજની સામે ઉપસ્થિત સર્વતોમુખી,  સર્વભક્ષી સંકટોને જોવા અને સમજવામાં આવે અને વિનાશની દિશામાં ઝડપથી જઈ રહેલાં કદમોને રોકવા માટે કોઈ નકર પગલાં ભરવામાં આવે.

સમયના પોકાર અને યુગની આવશ્યકતાને પૂરી કરવા માટે યુગ નિર્માણ યોજના એની અનોખી રીતિનીતિ તથા કાર્યપદ્ધતિને લઈને સામે આવી છે અને પ્રસન્નતાની વાત છે કે એમનું દરેક ક્ષેત્રમાં સ્વાગત થયું છે. આ યોજનાના જ્ઞાનયજ્ઞ અભિયાને એક ચમત્કાર રજૂ કર્યો છે. વ્યકિત અને સમાજની સમસ્યાનું મૂળ કારણ સમજાવવાની દિશામાં જે પ્રયત્નો કરવામાં આવ્યા છે એમને આરંભમાં ઉપહાસાસ્પદ માનવામાં આવ્યા, પરંતુ જ્યારે આજે ઊંડાણથી વિચાર કરવામાં આવ્યો છે અને તથ્યોને સારી રીતે સમજાવવામાં આવ્યાં તો વાસ્તવિકતા સમજાય ગઈ છે.

# ઋષિ ચિંતનના સાંનિધ્યમાં

લોકો એવો અનુભવ કરવા લાગ્યા છે કે વિચારપદ્ધતિમાં વિકૃતિ આવવાથી જ અધઃપતન થયું છે. અભાવ ગરીબાઈ, શોકસંતાપ, ઝઘડા તથા દ્વેષની વિભીષિકાઓ ખૂબ વિકટ બની રહી છે. કારણને શોધવા અને તેનું નિરાકરણ કરવા માટે જ્યારે ધ્યાન જ નથી આપવામાં આવ્યું, તો પછી સુખશાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિના સ્વપ્નો સાર્થક કેવી રીતે થાય ?

યુગનિર્માણ યોજનાના જ્ઞાનયજ્ઞ અભિયાન અંતર્ગત જનમાનસને ઢંઢોળવામાં આવ્યું છે. એણે વિચાર કરવા માટે નવા આધાર અને સમસ્યાઓના નવાં સમાધાન રજૂ કર્યા છે, જેમનામાં વિચાર કરવાની ક્ષમતા છે એમને સમજાયું છે કે વાસ્તવિકતા એ જ છે અને જો પતનનો અંત અને ઉત્કર્ષનો આરંભ કરવો હોય તો આ રીતે થશે કે જેવું બતાવવામાં આવ્યું છે.

"જાદુ એ કે જે માથા પર ચઢીને બોલે" વાળી ઉક્તિ આપણા આંદોલનના સંબંધમાં અક્ષરશઃ લાગુ પડે છે. થોડા વર્ષો પૂર્વે આપણા પ્રયત્નોને સમજનારાઓની સંખ્યા લાખો સુધી સીમિત હતી તે આજે કરોડો સુધી પહોંચી છે અને નજીકના ભવિષ્યમાં દરેક મનુષ્ય સુધી પહોંચશે. જ્ઞાનયજ્ઞ અભિયાન નપુંસક નથી રહ્યું, પરંતુ એમાં સક્રિયતા એટલી બધી માત્રામાં ઉત્પન્ન થઈ ગઈ છે કે કાર્યકર્તાઓ અને સહયોગીઓની એક મોટી શૃંખલા કાર્યક્ષેત્રમાં ઊતરતી જાય છે.

હવે આપણો જ્ઞાનયજ્ઞ માત્ર પ્રચારતંત્ર નથી રહયો, પરંતુ એક સમર્થ આંદોલનના રૂપમાં પોતાના મૂળ નાખી રહ્યો છે અને લાગે છે કે સર્વત્ર ધ્વંસની પ્રક્રિયા ચાલી રહી છે, એની સાથે સાથે સર્જનનો રચનાત્મક આધાર લઈને એ નવનિર્માણનો ક્રમ પણ ચાલી રહ્યો છે. એ આગામી દિવસોમાં એટલો પ્રબળ થઈ જશે કે ધ્વંસની ઉદ્દંડતા સર્જનની સાર્થકતાની આગળ ઊભી નહીં રહી શકે. એ પણ શક્ય છે કે લોકો ધ્વંસની બિનઉપયોગીતા જાણે અને નવસર્જન માટે પૂરી શકિત સાથે જોડાઈ જાય.

આવી સંભાવના દિવસે દિવસે વધુ ઉજ્જ્વળ થવા લાગી છે એ જોઈને સંતોષ થાય છે. સમયનો પોકાર છે કે આ પ્રયાસોમાં હજુ વધુ તીવ્રતા લાવવામાં આવે.

યુગની માંગ છે કે જેમને માનવતા પ્રત્યે પ્રેમ છે, તેઓ યુગ નિર્માણના પ્રયત્નોને ઈશ્વરની પૂજા કરતાં પણ વધારે મહત્વના માને. ધર્મ, દર્શન અને અધ્યાત્મનો પડકાર છે કે જેમનામાં આ ઉત્કૃષ્ટતાના પ્રકાશ કિરણો સાચેસાચ વિદ્યમાન હોય તેઓ યુગ પરિવર્તન માટે , ધરતી ઉપર દેવત્વની સ્થાપના કરવા માટે ભગીરથ પ્રયત્નોમાં જોડાઈ ગયેલા જોવા મળશે. સાહસ, કર્તવ્ય અને પુરુષાર્થની કસોટી આજે એ રૂપે સામે આવી છે કે આપણે એવા ત્યાગ તથા બલિદાનનો પરિચય આપીએ કે જેનાથી માનવીય આદર્શોનું પુનરુત્થાન થઈ શકે.

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્‌બુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૦૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેક્સ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦